www.gujaratvidyapith.org

# ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ
## મહાદેવ દેસાઇ સમાજસેવા સંકૂલ
## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014

Accredited Grade ‘A’ by NAAC

**Gujarat Vidyapith was founded by mahatma Ghandhi on 18th October, 1920.**

---

**ADMISSION:-2022-23**

**APPLY ઓનલાઈન લીંક**

**www.gujaratvidyapith.org**

**પ્રવેશ : 2022-23**

**ભૂમિકા :-**

ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપનાકાળથી જ ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હતું. ૨૨ ડિસેમ્બર ઇ.સ ૧૯૨૦માં ગુજરાત પુરાતત્વ મંદિરની સ્થાપના કરવામાં આવી. જેમાં મુનિજીનવિજયજી,મૌલવી અબુ ફઝલ, હરિનારાયણ આચાર્ય, કાકાસાહેબ કાલેલકર, રામચંદ્ર અઠાવલે, બેચરદાસ દોશી, રસિકલાલ પરીખ જેવા મહત્તવપૂર્ણ ઈતિહાસ તજજ્ઞો તેમાં જોડાયા હતા. ગુજરાત પુરાતત્વ મંદિરની સ્થાપનાની સાથે જ “પુરાતત્વ” નામનું એક ત્રૈમાસિક શોધપત્રિકાનું પ્રકાશન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું, જે ઈ.સ .૧૯૨૮ સુધી ચાલુ રહ્યું. ઈ.સ.૧૯૩૨માં બ્રિટિશ સરકારે ગૂજરાત પુરાતત્વ મંદિરની સંપત્તિને જપ્ત કરી જેના કારણે લાંબા સમય સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું. ૨૮ જૂન ઈ.સ .૧૯૪૭ માં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયની શરૂઆત કરવામાં આવી અને તે જ સમયે ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ નવા નામ સાથે શરૂ કરવામાં આવ્યો. ઈ.સ.૧૯૭૦ સુધી સ્નાતક અને ત્યારબાદ સ્નાતકોત્તર તથા પીએચ.ડી અને ઈ.સ.૧૯૭૮ થી એમ.ફિલના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા. ઈ.સ.૧૯૭૮માં ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક અભ્યાસક્રમોને ગ્રામસેવા કેન્દ્રોમાં શરૂ કરવામાં આવ્યા, જ્યારે અમદાવાદ પરીસરમાં સ્નાતક પછીના પારંગત, અનુપારંગત, વિદ્યાવાચસ્પતિના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા. ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા ઈ.સ.૧૯૮૦માં ભારતીય સંસ્કૃતિ સંગ્રહાલય, ઈ.સ.૧૯૮૩માં દફતરવિદ્યાનો અભ્યાસક્રમ , ઈ.સ .૧૯૮૬, બૌધ્ધદર્શન, ઈ.સ.૧૯૯૩માં આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર અને ૨૦૦૩ માં ગૂજરાત વિદ્યાપીઠ સંગ્રહાલયની શરૂઆત કરવામાં આવી. ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના સ્પેશિયલ આસિસ્ટંસ પ્રોગ્રામ દ્વારા ઈ.સ.૧૯૯૨ થી ૧૯૯૭ સુધી પ્રથમ વખત અને ઈ.સ.૧૯૯૭ થી ૨૦૦૨ સુધી બીજી વખત યુજીસી - સેપ (ડી.એસ.એ) નું વિશેષ અનુદાન પ્રાપ્ત થયેલ હતું. હાલમાં આ વિભાગ સુંદર કામગીરી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠમાં કાર્યરત છે .

**વિશેષતા :**

1. M.A. કક્ષાએ સત્ર ૪ માં તમામ વિદ્યાર્થીઓને શોધનિબંધ દ્વારા સંશોધનની તાલીમ અપાય છે .
2. M.A. સત્ર 1 ,અને 2 માં કોમ્પ્યુટરની તાલીમનો સમાવેશ
3. U.G.C ની નેટ , જે.આર.એફ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન
4. વિદ્યાર્થીઓની લેખિત - મૌખિક અભિવ્યક્તિ ખીલે તે માટે સેમિનાર અને પરિસંવાદ
5. સરકારશ્રીના નીયમ અનુસાર SC , ST , OBC માટે સ્કોલરશીપ તથા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સ્વાભિમાન સ્કોલરશિપ
6. ગ્રામજીવન પદયાત્રા , એન.એસ.એસ અને અન્ય શિબીર દ્વારા વિદ્યાર્થીઓનું જીવનઘડતર

| M.A ઇતિહાસ અને સંસ્કૃતિ | |
|---|---|
| જગ્યા | ૫૭ જગ્યા (SC/ST/OBC/EWS અને વિકલાંગને માટે નિયમાનુસાર અનામત (છાત્રાલય મરજિયાત છે.) |
| લાયકાત | મુખ્ય વિષય ઇતિહાસ સાથે બી.એ.માં 40% ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિ અરજી કરી શકશે (અનામત જગ્યા પર નિયમાનુસાર છૂટ મળશે) |
| સમયગાળો | ૦૪ સત્ર- કુલ ૦૨ વર્ષ |
| પ્રવેશ | વહેલા તે પહેલાના ધોરણે |

- **વધુ માહિતી માટે સંપર્ક સૂત્રો .**

1. ડો.કનૈયાલાલ નાયક : ૯૯૨૪૮ ૬૧૯૫૭ (વિભાગીય અધ્યક્ષ અને ડીન)
2. ડો.મુંજાલ ભીમડાદકર : ૯૮૨૫૭ ૨૮૯૩૪ (પ્રોફેસર)
3. ડો. ઝેનામાબીબી કાદરી : ૮૧૪૧૩ ૯૩૦૪૬ (આ.પ્રોફેસર)